**જાહેર જનતાની મુલાકાત અર્થે સપ્તાહમાં સોમવાર થી શુક્રવાર સુધી ખુલ્લું રહેતું રાજભવન**

**તા. ૦૧/૧૧/૨૦૧૮, રાજભવન, ગાંધીનગર.**

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ તા. ૧૫ મે, ૨૦૧૮થી ગુજરાત રાજભવનને જાહેર જનતા જોઇ શકે તે માટે ખુલ્લું મુકવાનો નિર્ણય કર્યો હતો.

રાજ્યપાલશ્રીના આ નિર્ણયને જાહેર જનતા તરફથી સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. કામકાજના દિવસો દરમ્યાન સપ્તાહમાં પાંચ દિવસો દરમ્યાન નિયત કરાયેલ સમય માટે જાહેર જનતાની મુલાકાત માટે રાજભવન ખુલ્લું રહે છે.

વિદ્યાલયો-મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓની રાજભવનની મુલાકાત લેવાના કિસ્સામાં સંસ્થાના આચાર્યશ્રી દ્વારા રાજભવનને લખાયેલ પત્ર માન્ય રાખવામાં આવશે. ઓનલાઇન મંજૂરીની આવશ્યકતા નહિ રહે. વિદ્યાર્થીઓ તેમની સંસ્થા દ્વારા અપાયેલા ઓળખત્ર (Identity Card) ને સાથે રાખીને રાજભવનની મુલાકાત થઇ શકાશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજભવનને સાચા અર્થમાં લોકભવન બનાવવાની દિશામાં રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી દ્વારા લેવામાં આવેલ કેટલાંક પગલાંઓના ભાગરૂપે આ એક પહેલ કરાઇ છે. અપેક્ષા છે કે વધુ ને વધુ લોકો રાજભવનની મુલાકાત લે.

શૈક્ષણિક સંસ્થાઓ સિવાય રાજભવનની મુલાકાત લેવા માટે અન્ય ઉત્સુક મુલાકાતીઓએ ગુજરાત રાજભવનની વેબસાઇટ http://rajabhavan.gujarat.gov.in ઉપર દર્શાવેલી માર્ગદર્શક રૂપરેખાને ધ્યાને રાખી ઓનલાઇન (On-Line) Registration System ના માધ્યમથી પોતાની ઇચ્છા દર્શાવવાની રહેશે.

-----------------------